# નવા કરારના પત્રો

### પ્રેરિતોએ મંડળી અને આગેવાનોને શિક્ષણ આપવા પત્રો લખ્યા

બાળકોને શીખવનારે અભ્યાસ વાંચવો.

**૧. પ્રાર્થના અને વચન દ્વારા તૈયારી કરો.**

**પ્રાર્થના :** પ્રભુ ઈસુ, તમે તમારા લોકોને ખૂબ પ્રેમ કરો છો અને તમારા પ્રેરિતોએ જે પત્ર લખ્યા તે તેઓ સમજે અને આધિન થાય તેવું ચાહો છો. મને પણ તેઓને મદદરૂપ થવામાં સહાય કરો. આમેન.

ઈસુના શિષ્યોમાંના પાંચ પ્રેરિતોએ વિશ્વાસીઓ અને તેમના આગેવાનો માટે પત્ર લખ્યાં જે બાઈબલના નવા કરારમાં સાચવવામાં આવેલ છે.

આ પ્રેરિતો યાકૂબ, પીતર, યોહાન, યહુદા અને પાઉલ હતા. તે બધાએ ઈસુને જોયા હતા. તેઓએ ઈસુની પહેલી સદીમાં આ પત્રો લખ્યા.



**યાકૂબ** ઈસુનો ભાઈ વિશ્વાસી બન્યો અને યરૂશાલેમના વિશ્વાસીઓનો આગેવાન બન્યો. તેણે રોમન સામ્રાજ્યના પ્રદેશોમાં વિખેરાઈ ગયેલા બારે કૂળના યહુદી ખ્રિસ્તીઓને યાકૂબનો પત્ર લખ્યો. યાકૂબ ૧:૨૨માં દેવના વચન સાથે કઈ રીતે વ્યવહાર કરવો તે જૂઓ.

**પિતર**ને જ્યારે ઈસુએ તેનો માછીમારનો ધંધો છોડવાનું કહ્યું ત્યારે તે ઈસુનો અનુયાયી બન્યો. પિતર જો કે ઈસુનો જાહેરમાં નકાર કર્યો પણ પછી પસ્તાવો કર્યો અને યાકૂબની સાથે યરૂશાલેમમાં મંડળીમાં આગેવાન થયો. તેણે રોમન સામ્રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં રહેતા વિશ્વાસીઓને ૧લો અને ૨ જો પિતરનો પત્ર લખ્યા.જેમાં સતાવણીમાં પણ પ્રભુને વિશ્વાસુ થઈ રહેવાનો બોધ કર્યો. ૧ પી.૫:૧૦માં દેવે પિતર દ્વારા જેઓ ઈસુને માટે દુઃખ સહન કરે છે તેઓને માટે પ્રતિજ્ઞા આપેલ છે.

**યોહાન** ઈસુનો શિષ્ય થયો તે પહેલા તે યોહાન બાપ્તિસ્મા કરનારનો શિષ્ય હતો. તે ઈસુ ઉપર ખૂબ જ પ્રેમ રાખતો હતો અને તેણે લોકોને દેવ પર અને એકબીજા ઉપર પ્રેમ રાખવાનો બોધ કર્યો. તેણે યોહાનનો પહેલો પત્ર વિશ્વાસીઓ માટે અને બીજો અને ત્રીજો પત્ર આગેવાનો માટે લખ્યો. ૧લુ યો ૧:૪ અને ૫:૧૩માં તેણે પહેલો પત્ર શા માટે લખ્યો તેના બે કારણો જણાવ્યા છે.

**યહુદા** તે યાકૂબની જેમ ખ્રિસ્તનો ભાઈ હતો અને તે યરૂશાલેમમાં આગેવાન બન્યો. તેણે પોતાના પત્રમાં ચેતવણી આપી કે જુઠા શિક્ષકો વિશ્વાસીઓને ભુલાવતા હતા અને તેઓમાંના કેટલાકને ભૂંડી વર્તણૂંકો કરવાનું શિખવતા હતા. યહુ.૧:૩માં તેણે પોતાનો પત્ર શામાટે લખ્યો તે જણાવ્યું છે.

**પાઉલ** (તાર્શશનો શાઉલ) દર્શન મારફતે ઈસુએ તેને પોતાનો પ્રેરિત બનાવ્યો. રોમન સામ્રાજ્યના ઘણા બિનયહુદી ભાગોમાં પ્રભુએ તેને મોકલ્યો.નવા કરારમાં રૂમીઓને પત્ર, કોરંથીઓને બે પત્રો, ગલાતી, એફેસી,ફીલીપ્પી,કલોસ્સી અને થેસ્સાલોનિકી તેમજ નવા આગેવાન ફિલેમોન, તિમોથી અને તિતસને લખેલા પત્રો પાઉલે લખ્યા છે. હેબ્રીઓને પત્ર પણ પાઉલે લખ્યો હોઈ શકે છે તેમાં ખ્રિસ્તી યહુદીઓને જૂના કરારના નિયમોના પશુઓના બલિદાન કરતા તેના મસીહ ઈસુ પર વિશ્વાસ કરવાનું ઉત્તેજન આપ્યું છે. ૧ કો.૪:૧૪માં તેણે શામાટે કોરંથીઓને પત્ર લખ્યો છે તે જણાવ્યું છે.

પ્રેરિતોએ પોતાના પત્રો **ગ્રીક** ભાષામાં લખ્યા છે. અને તેજમાનામાં ઘણાંએ તે વાંચ્યા હતા. તેઓએ બીજા પત્રો પણ લખ્યાં છે જેનો સમાવેશ નવા કરારમાં કરવામાં આવેલ નથી. વિશ્વાસીઓ આ પત્રોની કોપીઓ કરીને બીજા વિશ્વાસીઓને મોકલતા હતા.(કોલો.૪:૧૬)



નીચે દર્શાવેલ પૂર્વ ભૂમધ્યના પ્રદેશોના નકશામાં પત્રોમાં દશ શહેરો દેખાય છે.

૨ **આવનાર અઠવાડિયા માટેની પ્રવૃત્તિઓનું સાથીદારો સાથે આયોજન કરો.**

- તમે વધારે મુલાકાત લઈ શકતા નથી તેવા વિશ્વાસીઓ અને મંડળીઓનું સૂચિ બનાવો.
- તેઓને તમારી પાસેથી શું શીખવાનું છે તેની ચર્ચા કરો.
- તે દરેક માટે પ્રાર્થના કરો.
- પાઉલની જેમ તેઓને ઉત્તેજન આપવા પત્રો લખો અને તમે બધા તેમાં સહી કરો.



**પાંચ સભાજનો** યાકૂબ,પીતર,યોહાન,યહુદા અને પાઉલ બને. નીચે જણાવ્યું છે તેમ તમારી ઓળખાણ કરાવો અનેપછી તમારા વિષેના સત્યો ઉપર ભાગ-૧માં જણાવ્યા છે તે સમજાવો.

**યાકૂબ** હું યાકૂબ છું. પ્રભુ ઈસુનો સગો ભાઈ. યરૂશાલેમની મંડળીનો હું આગેવાન હતો અને યહુદી ખ્રિસ્તીઓ જોડે મારે સતત વિવાદ રહેતો હતો. તેઓ નવા કરારના આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તની મફત કૃપાને બદલે જૂના કરારના નિયમો તરફ પાછા વળવું જોઈએ તેમ માનતા હતા.

**પીતર** હું પીતર છું. એક માછીમાર. પ્રતિજ્ઞાના મસીહ સંબંધીની ભવિષ્યવાણીઓ ઈસુએ પૂર્ણ કરી તે મેં જલ્દીથી જોઈ લીધું. કાઈસારીયા શહેરમાં બિનયહુદી વિશ્વાસ કરનારાઓ ઉપર પવિત્ર આત્મા ઉતર્યો તે મેં જોયું.તે તો અદ્‌ભૂત હતું. આમ છતાં યરૂશાલેમના યહુદઓમાં તેના કારણે ગંભીર પ્રશ્નો ઉભા થયા.

**યોહાન** હું યોહાન છું. મેં જે સાક્ષી આપી તે લોકો ચોકસાઈથી જાણી શકે માટે મેં લખ્યું છે. મેં ઈસુની ઉપર પવિત્ર આત્મા ઉતરતો જ્યારે તેણે બાપ્તિસ્મા લીધું ત્યારે જોયો. તે વખતે દેવની વાણી ગર્જનારૂપે થઈ તે મેં સાંભળી. ઈસુના પાછા ઉઠ્યા પછી મેં તેને જોયો.

**યહુદા** હું યહુદા ઈસુનો ભાઈ છું. અને અમે ગાલીલમાં સાથે મોટા થયા છીએ. જ્યારે તેણે શરૂઆતમાં ચમત્કારો કર્યો ત્યારે મને ખૂબ નવાઈ લાગી હતી. નાઝરેથના બીજા લોકોની માફક મને પણ તે પર વિશ્વાસ કરવામાં મુશ્કેલી પડી હતી. પણ ખૂબ જલ્દીથી મેં જોયું કે જેમ તે કહે છે અને કરે છે તે પ્રમાણે તે દેવનો દિકરો છે.

**પાઉલ** હું પ્રેરિત પાઉલ છું. હું ચુસ્ત ફરોશી હતો અને ખ્રિસ્ત પર વિશ્વાસ કરનારાઓને ધિક્કારતો હતો. હું તેમને ક્રૂરપણે સતાવતો હતો પણ પ્રભુએ દમસ્કના રસ્તા ઉપર મારી સમક્ષ પોતાને પ્રગટ કર્યો. મેં તેને તેના મહિમામાં જોયો ત્યારે લાંબા સમય સુધી હું આંધળો રહ્યો. હવે હું ફક્ત તેની એકલાની જ સેવા કરૂં છું.

**પ્રભુની મેજ**ની સેવા માટે ૧ યો.૧:૭-૧૦ વાંચો. સમજાવો કે મેજમાં ભાગ લેતા પહેલાં આપણે એક પવિત્ર પ્રભુ સમક્ષ આપણા પાપકબૂલ કરીએ છીએ. અને જાણીએ છીએ કે પ્રભુ ઈસુના શુધ્ધ કરનાર શક્તિશાળી લોહી દ્વારા તે આપણા પાપ ધોઈ નાખે છે.

વિશ્વાસીઓને સાક્ષીઓ આપવા દો કે પ્રેરિતોના પત્રોના શિક્ષણ મારફતે તેઓના જીવનમાં કેવા આશિર્વાદો આવ્યા છે.૧ યો.૨:૧૨-૧૩ બધા મુખપાઠ કરો. નવા કરારના પત્રોમાંથી જે સત્યો શીખ્યા હો તેની ચર્ચા બે કે ત્રણના જૂથમાં કરો, પ્રાર્થના કરો. સેવાના આયોજન કરો અને એકબીજાને ઉત્તેજન આપો.

Copyright 2004 © by Paul - Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net